| | |
|---|---|
| રજુ તારીખ | ૨૦/૦૭/૨૦૧૭ |
| દાખલ તારીખ | ૨૦/૦૭/૨૦૧૭ |
| ફેંસલ તારીખ | ૦૮/૦૫/૨૦૧૯ |
| સમયગાળો | વર્ષ: માસ: દિન: |

## મે. મજૂર અદાલત, નડીઆદ (જી. ખેડા) ના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી જી.જે.થોરીયા સાહેબ સમક્ષ

**રેફરન્સ (LCN) નંબર : ૨૬/૨૦૧૭**

પ્રથમ પક્ષકાર : શાહ પેપર પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીયલ,
સી/૩૧૩, ૩૧૪, જી.આઈ.ડી.સી. એસ્ટેટ,
મીલ રોડ, નડીઆદ.

**વિ રૂ ધ્ધ**

બીજા પક્ષકાર : કેતન મનુભાઈ પ્રજાપતિ,
કે./ઓ. એસ.કે.રાણા (એડવોકેટ)
૨૪, ત્રિલોક સોસાયટી, પીજ રોડ,
નડીઆદ–૨.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે – કોઈ નહી.
બીજા પક્ષકાર તરફે વિ.વ.શ્રી એસ.કે.રાણા.

**: એ વો ર્ડ :**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, નડીઆદ સમક્ષ તે અંગેનો ઐાદ્યોગીક વિવાદ ઉત્પન્ન કરેલ. પરંતુ ત્યાં આગળ સદરહું વિવાદનું સમાધાન નહી થતાં ઐાદ્યોગીક વિવાદ ધારો–૧૯૪૭ ની કલમ–૧૦(૧) મુજબ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, નડીઆદે તેઓના પત્ર ક્રમાંક ૨૮૯૬, તા.૧૯/૭/૨૦૧૭ ધ્વારા અત્રેની કોર્ટને સદરહું વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારું સુપ્રત કરેલ છે. જેની અનુસુચિ નીચે મુજબ છે.

**''શ્રી કેતન મનુભાઈ પ્રજાપતિને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીની સળંગતા સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?''**

(૩) આ કામે અજદાર તરફે આંક–૪ થી માંગણાનું નિવેદન રજુ થયેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર સામાવાળી સંસ્થામાં તા.૧–૪–૨૦૧૩ થી પેપર કટીંગ, ડાયકટ તથા સ્ક્રીન પ્રિન્ટીંગનું કામ કરતા હતા અને તેઓને માસીક રૂ.૮,૦૦૦/– પગાર આપવામાં આવતો હતો. અરજદારને સામાવાળાએ હાજરીકાર્ડ, હકકરજા કાર્ડ, કે લઘુતમ વેતન મુજબના લાભો આપેલા નહી તેમજ અરજદાર પાસે ઓવર ટાઈમ કરવવા છતાં ડબલ પગાર આપતા ન હતા. અરજદાર સામાવાળી સંસ્થામાં વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની ફરજો બજાવેલી છે. અરજદારને સામાવાળી સંસ્થા આઈ.કાર્ડ, ઈ.એસ.આઈ. કાર્ડ અને પગાર સ્લીપ આપવામાં આવતી હતી. અરજદારને તા. ૧૬–૫–૨૦૧૭ ના રોજ કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય અને બચાવની તક આપ્યા સિવાય કે ખાતાકીય તપાસ કર્યા સિવાય વારંવાર બ્રેક રજાઓ આપી, મૌખીક હુકમથી છુટા કરવામાં આવેલા તેમજ અરજદારને કાયદેસરના મળવાપાત્ર હકકો ચુકવી આપેલા નથી. જેથી અરજદારે તેમના વકીલશ્રી મારફતે સામાવાળી સંસ્થાને નોટીસ આપેલી. તેમ

છતાં તેઓને પુન:સ્થાપિત ન કરતા તેઓએ હાલનો ઔદ્યોગીક વિવાદ ઉત્પન્ન કરેલો છે. આમ અરજદારે સામાવાળી સંસ્થાનું તા.૧૬–૫–૨૦૧૭ ના રોજનું તેઓને છુટા કરવાનું પગલું, ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવા તથા અરજદારને છુટા કર્યા તારીખથી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત, સળંગ નોકરી સાથે તમામ મળવાપાત્ર લાભો સહીત મુળ જગ્યાએ પુન:સ્થાપન કરવા અરજ કરેલ છે તથા સામાવાળા પાસેથી રૂા.૧૫,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

(૪) આ કામના સામાવાળાને કેસ ન્યાય નિર્ણય અર્થે અત્રે રજુ થતાં આંક–૨ વાળી નોટીસ કાઢવામાં આવેલી. તેમ છતાં સામાવાળા તરફે હાજર થઈ અરજદારના માંગણા નિવેદનનો કોઈ જ લેખિત જવાબ રજુ કરેલો નથી. ત્યારબાદ પણ સામાવાળાને આંક–૮ વાળી નોટીસ કાઢવામાં આવેલી પરંતુ સામાવાળા તરફે કોઈ હાજર રહેલ નથી. જેથી અરજદારની આંક–૯ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૫) આ કામે અરજદાર તરફથી નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**–::મૌખીક પુરાવો::–**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | માર્ક/આંક |
|---|---|---|
| ૧. | અરજદારનું સોગંદનામું | ૧૦ |

**–::દસ્તાવેજી પુરાવો::–**

આ કામે અરજદાર તરફે આંક–૫ ના લીસ્ટથી સામાવાળાને વકીલ મારફતે મોકલેલ નોટીસ, એકનોલેજમેન્ટ, અરજદારના ઈ.એસ.આઈ. કાર્ડ, પગાર સ્લીપ તથા પી.એફ. સ્લીપની ઝેરોક્ષ તથા સામાવાળાને મોકલેલ પત્ર તથા તે પત્રની એકનોલેજમેન્ટ સ્લીપ રજુ રાખેલ છે. અરજદારે આંક–૧૩ થી

કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૬) જયારે આ કામના સામાવાળા અરજદાર તરફે રજુ થયેલ પુરાવાના સોગંદનામાનની ઉલટતપાસ માટે પણ હાજર નહી રહેતા તેમનો ઉલટતપાસ લેવાનો હકક બંધ કરી, ઉત્તરોત્તર તેઓના હકક પ્રોસીડીંગ્સમાં બંધ કરવામાં આવેલા છે.

(૭) આ કામે અરજદાર તરફે મૌખીક દલીલો કરવામાં આવેલ છે. જયારે સામાવાળાનો દલીલનો હકક પણ બંધ થયેલો છે. જેથી અરજદાર તરફે થયેલ દલીલોની ચર્ચા યોગ્ય તબકકે કરવામાં આવશે. આ કામે પક્ષકારો તરફે કોઈ જ ઓથોરીટીસ રજુ થયેલ નથી.

(૮) ઉપરોકત ઔદ્યોગીક વિવાદના ન્યાયીક નિકાલ માટે મારી સમક્ષ પડેલ પુરાવા તથા પક્ષનિવેદન વંચાણે લેતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : : મુ દ્દા ઓ : : –**

(૧) શું આ કામના અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૨) શું આ કામના અરજદાર પડેલ દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી કોઈ દાદ મેળવવા હકકદાર થાય છે ?

(૩) શું હુકમ ?

**– : : નિ ષ્ક ર્ષ : : –**

(૧) હકારમાં.

(૨) અંશત: હકારમાં. અરજદાર પુન:સ્થાપિત થવા તથા પડેલ દિવસોના ૩૦% પગારની રકમ મેળવવા હકકદાર બને છે.

(૩) આખરી હુકમ મુજબ.

**– : : પ રા મ ર્શ : : –**

***મુદ્દા નં.(૧) અને નં.(૨) :–***

(૯) આ કામે મુદ્દા નં.(૧) અને નં.(૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ બીન જરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

આ તબકકે ઔ. વિ. ધારાની કલમ–૨(એસ) કે જેમાં કામદારની વ્યાખ્યા આપેલ છે. જે લક્ષમાં લેવી જરૂરી છે. અરજદારના કથન પ્રમાણે અરજદાર સામાવાળી સંસ્થામાં તા.૧–૪–૨૦૧૩ થી જોડાયેલા અને પેપર કટીંગ કરવાનું, ડાયકટ કરવાનું અને સ્ક્રીન પ્રિન્ટીંગનું કામ કરતા હતા જેનો તેઓને માસીક રૂા.૮,૦૦૦/– પગાર આપવામાં આવતો હતો. અરજદારે આ હકીકતો તેમના સોગંદ ઉપરના પુરાવામાં પણ જણાવેલી છે. વધુમાં અરજદારે પોતાના માંગણાના નિવેદનની હકીકતોના સમર્થનમાં રજુ કરેલ પગાર સ્લીપ જોવામાં આવે તો, તેમાં અરજદારની જોડાયાની તા.૧–૪–૨૦૧૩ ની જણાવેલી છે અને તેમનો હોદ્દો – કામદાર તરીકે દર્શાવેલો છે. તેમજ પી.એફ. ની સ્લીપમાં પણ સંસ્થાના નામમાં શાહ પેપર પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝના નામનો ઉલ્લેખ કરેલો છે. આ કામે સામાવાળા તરફે અરજદારના માંગણા નિવેદનનો કોઈ જ જવાબ રજુ કરવામાં આવેલો નથી. અરજદારે ઉપર મુજબની મહદઅંશે જુબાની આ મુદ્દા ઉપર આપેલી છે. પરંતુ સામાવાળાએ હાજર રહી અરજદારના સોગંદ ઉપરના પુરાવાની ઉલટતપાસ પણ કરેલ નથી. ત્યારે અરજદાર સામાવાળાના કામદાર હોવાની

હકીકત બીનતકરારી અને પડકારરહીત રહેલ છે. વધુમાં સામાવાળા તરફથી કોઈ પુરાવો પણ રજુ થયેલો નથી. જેથી અરજદાર કલમ–૨(એસ) મુજબ સામાવાળાના કામદાર હોવાનું અને તેઓ અને સામાવાળા વચ્ચે નોકર–માલીકનો સબંધ હોવાનું સ્થાપિત થાય છે.

(૧૦) હવે એ જોવાનું રહે છે કે, અરજદારે કલમ–૨૫(બી) મુજબ નોકરી કરેલ છે કે કેમ ? તે માટે કલમ–૨૫(બી) ધ્યાને લેવી પડે. અરજદારના કથન મુજબ અરજદાર સામાવાળી સંસ્થામાં તા.૧–૪–૨૦૧૩ થી જોડાયેલા અને પેપર કટીંગ કરવાનું, ડાયકટ કરવાનું અને સ્ક્રીન પ્રિન્ટીંગનું કામ કરતા હતા જેનો તેઓને માસીક રૂા.૮,૦૦૦/– પગાર આપવામાં આવતો હતો. અરજદારે આ હકીકતો તેમના સોગંદ ઉપરના પુરાવામાં પણ જણાવેલી છે. વધુમાં અરજદારે પોતાના માંગણાના નિવેદનની હકીકતોના સમર્થનમાં રજુ કરેલ પગાર સ્લીપ તથા ઈ.પી.એફ.ની સ્લીપ જોવામાં આવે તો, તેમાં અરજદારની જોડાયાની તા.૧–૪–૨૦૧૩ ની જણાવેલી છે અને તેમનો હોદ્દો–કામદાર તરીકે દર્શાવેલો છે. તેમજ પી.એફ. ની સ્લીપમાં પણ સંસ્થાના નામમાં શાહ પેપર પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝના નામનો ઉલ્લેખ કરેલો છે. અરજદારના કથન મુજબ તેઓએ સામાવાળી સંસ્થામાં ૨૪૦ દિવસ કરતાં વધુ સમય નોકરી કરેલ છે. આ હકીકતને સામાવાળાએ સૌ પ્રથમ જવાબ રજુ નહી કરીને પડકારેલ નથી. આ કામના સામાવાળા તરફે હાજર રહી અરજદારના પુરાવાની આ હકકીતને પણ પડકારેલ નથી કે ઉલટતપાસ કરેલ નથી. આમ અરજદારે તેમના મૌખીક પુરાવામાં જે સળંગ નોકરી કરેલાની હકીકત જણાવેલી છે તે બીનતકરારી અને પડકારરહીત રહેલી છે. તે જોતા અરજદારે સામાવાળી સંસ્થામાં સતત અને સળંગ રીતે તા.૧–૪–૨૦૧૩ થી તેઓને છુટા કર્યા ત્યાં સુધી ફરજ બજાવેલ હોવાનું પુરવાર થાય છે અને તે અંગે કોઈ શંકા રહેતી નથી. તેથી અરજદારે સતત

અને સળંગ રીતે કલમ–૨૫(બી) પ્રમાણે નોકરી કરેલાનું પુરવાર થાય છે.

(૧૧) હવે અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરેલા કે કેમ તે હકીકત સાબીત થાય છે કે કેમ ? તે અંગે વિચારવાનું રહે. આ માટે ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨૫(એફ), ૨૫(જી) અને ૨૫(એચ)ની જોગવાઈઓ ધ્યાને લેવી પડે. અરજદારનું કથન છે કે, તા.૧૬/૫/૧૭ ના રોજ તેઓને સામાવાળી સંસ્થાએ કોઈ પણ જાતની નોટીસ, આપ્યા સિવાય, ખાતાકીય તપાસ કર્યા સિવાય કે બચાવની કોઈ તક આપ્યા સિવાય વારંવાર બ્રેક રજાઓ આપી છુટા કરેલા છે. અને જણાવેલ કે, તમારી જરૂર નથી ફરીથી નોકરી ઉપર બોલાવીશું. વધુમાં અરજદારે સોગંદનામામા એ હકીકત પણ જણાવેલ છે કે, તેઓને છુટા કરતી વખતે કોઈ ખાતાકીય તપાસ કે બચાવની કોઈ વ્યાજબી તક આપેલ નથી કે મળવાપાત્ર અન્ય લાભો પણ ચુકવી આપેલ નથી. આ તમામ હકીકતો વિરુધ્ધની હકીકતો રજુ કરતો સામાવાળા તરફે કોઈ જ લેખિત જવાબ રજુ થયેલો નથી કે હાજર રહી અરજદારની ઉલટતપાસ પણ કરવામાં આવેલી નથી. તે સંજોગોમાં આ હકીકતો બીનતકરારી, પડકારરહીત રહેલી છે. સામાવાળા તરફથી પુરતી અને વ્યાજબી તકો મળવા છતાં પુરાવો પણ રજુ કરવામાં આવેલો નથી. તેવા સંજોગોમાં અરજદારની ગેરકાયદેસર રીતે છટણી કરેલાનું પુરવાર થાય છે. આમ સમગ્ર રીતે કેસની હકીકત, સંજોગો અને પુરાવો જોતા અરજદારની ગેરકાયદેસર રીતે છટણી કરવામાં આવેલી હોવાનું પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.(૧) નો જવાબ ''**હકાર**'' માં ઠરાવવામાં આવે છે.

(૧૨) હવે અરજદારને પડેલ દિવસોના પગાર સાથે પુન:સ્થાપિત થવાની અથવા ઉચ્ચક વળતર મળવા અંગેની દાદ મળવાપાત્ર છે કે કેમ તેની ચર્ચા કરવાની થાય છે. હવે જયારે અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોવાનું સાબીત થતું હોય ત્યારે કોઈ વિરુધ્ધના સંજોગો રેકર્ડ ઉપર ન હોય ત્યારે સામાન્ય સંજોગોમાં અરજદાર પુન:સ્થાપિત થવા માટે હકકદાર

ઠરે છે. અરજદારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, નોકરીમાંથી છુટાકરતા નોકરી મેળવવા ઘણાં જ પ્રયત્ન કરેલા. પરંતુ નોકરી મળેલ નથી અને હાલ તેઓ બેકાર છે તથા સામાવાળા નોકરી ઉપર રાખે તો જવા તૈયાર છે. વધુમાં આ કામે અરજદાર તરફે રજુ થયેલ ઈ.એસ.આઈ. કાર્ડ ધ્યાને લેતા તેમાં તેમની જન્મ તા.૨૭/૦૯/૧૯૮૭ ની જણાવેલી છે. જે જોતા અરજદાર હજી ઘણો સમય નોકરી કરવા માટે સક્ષમ છે. જે સંજોગોમાં અરજદારને સામાવાળી સંસ્થામાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.

હવે એ વિચારવાનું રહે કે, અરજદાર પડેલ દિવસોનો પગાર મેળવવા માટે કેટલા અંશે હકકદાર ઠરે છે. અરજદારે તેમના આંક–૧૦ ના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને છુટા કર્યા બાદ હાલ તેઓ બેકાર છે અને બીજી જગ્યાએ નોકરી મેળવવા માટે પ્રયત્ન કરેલો પરંતુ નોકરી મળેલ નથી. જે સંજોગોમાં આ કામના અરજદારે સામાવાળી સંસ્થામાં કરેલ નોકરીનો સમયગાળો ધ્યાને લેતા, તેમની ઉંમર ધ્યાને લેતા પડેલા દિવસોનો પગાર અપાવવો ન્યાયોચિત જણાય છે. પરંતુ સામાન્ય રીતે કોઈ પણ વ્યકિત સંપુર્ણ પણે હાલના સમયમાં બેકાર બેસી રહે તે માની શકાય તેમ નથી. જેથી વ્યાજબી રીતે પડેલ દિવસોનો પગાર અપાવવો ન્યાયી જણાય છે. જેથી અરજદાર પડેલ દિવસોના ૩૦% પગાર મેળવવા હકકદાર બને છે. તે સંજોગોમાં મુદ્દા નં.(૩) અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: <u>હુકમ</u> :**

અરજદારનો હાલનો રેફરન્સ કેસ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

અરજદારને આ કામના સામાવાળાએ હાલનો એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૬૦ માં તેઓની મુળ

જગ્યાએ, સળંગ નોકરી ગણી, પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ કામના સામાવાળાએ અરજદારને પડેલા દિવસોના ૩૦% પગારની રકમ, એવોર્ડ પ્રસિધ્ધ થયેથી, દિન-૬૦ માં ચુકવી આપવી.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(ઘનશ્યામ જયંતભાઈ થોરીયા )**

તારીખ : ૦૮/૦૫/૨૦૧૯
નડીઆદ.
(M.D.)

પ્રિસાઈડીંગ ઓફિસર
મજૂર અદાલત, નડીઆદ.
**GJ00842**